તારીખ : 07/10/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સાસણ માં સિંહ દર્શનનો પ્રારંભ...

ગુજરાતના ગીર ક્ષેત્રના ચાહકો માટે ખુશીની ખબર છે. ગીર જંગલ સફારીની ફરીથી શરૂઆત થઈ ચુકી છે. સિંહની ગર્જના સંભળાશે.સાસણ જંગલ સફારીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે ચોમાસા દરમિયાન 4 માસ માટે જંગલ સફારી બંધ રાખવામાં આવે છે. પરંતુ આ વખતે રાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુના આગમનને ધ્યાને લઈ જંગલ સફારી 9 દિવસ પહેલાં ખોલી દેવામાં આવી છે. 3 દિવસ બાદ રાષ્ટ્રપતિ આ જંગલની સફર કરવાના છે. જેને લઈ વન વિભાગે શાનદાર આયોજન કર્યું છે. રસ્તાઓ સહિતની તમામ કામગીરી પૂર્ણ કરી છે.ગીરના ઈતિહાસમાં પ્રથમવાર ચાર માસને બદલે અગાઉ જંગલ સફારી ખુલ્લી મુકવામાં આવી રહી છે. જંગલ સફારીનું આવતીકાલથી દિવાળી વેકેશન પૂર્ણ થાય ત્યાં સુધીનું મોટાભાગનું બુકિંગ ફુલ થઈ ગયું છે. જો કે રાષ્ટ્રપતિના આગમન દરમ્યાન બે દિવસનું ઓનલાઈન બુકિંગ બંધ રાખવામાં આવ્યું છે. જંગલ સફારી શરૂ થતા ગુજરાત સહિત ઓડિશા અને મહારાષ્ટ્રના પ્રવાસીઓ ઉમટી પડ્યા છે.પ્રવાસીઓએ સિંહ, દીપડા, જુદા-જુદા પક્ષીઓ, ઝરણા અને પ્રકૃતિના મનમોહક દ્રશ્યો નિહાળી અનોખો અનુભવ મેળવ્યો. સાસણ જંગલ સફારીને DCF અને સ્થાનિક સરપંચે લીલી ઝંડી આપીને પ્રવાસીઓ માટે ખુલ્લું મૂક્યું. ત્યારે, પ્રવાસીઓએ પ્રથમ ટ્રીપમાં જ કુદરતી સૌંદર્ય અને વન્યજીવનનો ભરપૂર આનંદ માણ્યો. આ સ્થળ એશિયાટિક લાયન જોવા માટે દુનિયામાં એકમાત્ર સ્થળ છે.જ્યાં, લોકોને એક યાદગાર અનુભવ થાય છે.ઉલ્લેખનીય છે,દર વર્ષે અહીં મોટી સંખ્યામાં લોકો સિંહ દર્શન માટે આવે છે. જોકે, ચોમાસાની સિઝનમાં સિંહોના મેટીંગ પિરીયડનો સમય હોય છે. ત્યારે કોઈ ખલેલ ન પડે તે માટે સિંહોનું વેકેશન રખાય છે. ત્યારે હવે સાસણમાં સિંહની ગર્જના સંભળાશે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



અલંકાર મહોત્સવ 2025
એક્ઝિબિશન

100% ફ્લેટ ડીસ્કાઉન્ટ
કોઇપણ રીયલ ડાયમંડ દાગીનાની ઘડતર ઉપર

૫૦% ફ્લેટ ડીસ્કાઉન્ટ
લેબ્ગ્રોન ડાયમંડ CVD ડાયમંડ દાગીનાની ઘડતર ઉપર

30% ફ્લેટ ડીસ્કાઉન્ટ
સોનાના દાગીનાની ઘડતર ઉપર

તા. ૨૫/૦૭/૨૦૨૫ થી શરૂ...

બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી.
કસ્ટમર કેર : 63549 73131

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વિકાસ સપ્તાહ

# વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લામાં 'વિકાસ રથ'નું પ્રસ્થાન







### કાચરડી મુકામે 'વિકાસ રથ'નું ઉમળકાભેર સ્વાગત, વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયું...

અમરેલી તા. ૦૭ ઓક્ટોબર, ૨૦૨૫ (મંગળવાર) 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લાના ગ્રામ્ય પંથકમાં ૦૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ રથ' પરિભ્રમણ કરશે. ત્યારે પ્રથમ દિવસે ૦૭ ઓક્ટોબરના રોજ લાઠી તાલુકાના કાચરડી મુકામે 'વિકાસ રથ'નું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અર્પણ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયું હતું અને લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના વિકાસમાં ઉમેરો કરતા અંદાજિત રૂ. ૦૫ લાખના વિકાસકાર્યોનું લોકાર્પણ અને અંદાજિત રૂ. ૧૮ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભાર્થીઓને સીધો લાભ વિતરણ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૪ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરુ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૦૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પ્રતિદિન 03 ગામમાં વિકાસ રથનું આગમન થશે. વિકાસ રથ સાથે ગ્રામવિકાસના કાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત અને લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવશે. કાચરડી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી ઘનશ્યામભાઈ રાઠોડ, તાલુકા વિકાસ અધિકારીશ્રી માંજરીયા, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પડસાળા તેમજ વિવિધ વિભાગના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


www.headway.guru

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

908 124 1916




## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ "મહોત્સવ" શરૂ થઈ ગયું છે.

**માત્ર ₹10,000 ના સોનાના દાગીનાની ખરીદી પર* BMW થી લઈને 9,999 ઈનામો જીતવાની તક!**

*શરતો લાગુ

ઓફરઃ ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

**તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.**



તમારા મનપસંદ દાગીના ખરીદવા માટે આજે જ મુલાકાત લો:

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.
ફોન : 222195 / મો. 95373 12695

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સોનુ 'સવા લાખ'ની નજીક પહોંચ્યુ



## ચાંદીમાં પણ ઉછાળો સોના-ચાંદીના ઈન્વેસ્ટરોને ‘વ્હેલી દિવાળી’:

સૌથી મોટી તેજીચાલુ વર્ષમાં જ સોનુ ૫૫ ટકા ઉછળ્યુ; ૨૦ વર્ષમાં ૧૬૬૦ ટકાનુ રિટર્નઃ ચાંદીમાં ૭૫ ટકાની કમાણીવૈશ્વિક સોનુ ૪૫૦૦ ડોલર તથા ભારતમાં ૧.૪૫ લાખ થવાનો ગોલ્ડમેનનો રિપોર્ટ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ખોડીયાર



# ફટાકડા

**ફટાકડામાં અવનવી વેરાયટી માટે એકવાર અવશ્ય મુલાકાત લો...**

**BAPS સ્વામિનારાયણ મંદિર સામે, મહુવારોડ, સા.કું.**

**મો. 75758 52902**

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુજરાત ભાજપના નવા પ્રમુખ અંબાજી માતાના દર્શન કરી તમામ જિલ્લાઓનો પ્રવાસ કરશે...



ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ એક્શનમાં આવ્યા છે. મળતી વિગતો મુજબ 10થી17 ઓક્ટોબર ગુજરાતના તમામ જિલ્લાઓનો પ્રવાસ કરશે અંબાજી માતાજીના દર્શન કરી નવયુક્ત ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી જગદીશ પંચાલજી ગુજરાતના તમામ જિલ્લાઓનો પ્રવાસ કરશે જિલ્લા પ્રમુખ ધારાસભ્ય શ્રી સાંસદશ્રી ને મળી તમામ જિલ્લા વિશે માહિતી મેળવશે. ઉલ્લેખનીય છે કે તેઓ રાજ્યના તમામ જિલ્લાઓના પ્રવાસ કરવાના છે. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ 10થી17 ઓક્ટોબર સુધી પ્રવાસ દરમિયાન જિલ્લાના પ્રમુખો અને શહેરના હોદ્દેદારો સાથે ખાસ બેઠકો કરશે. તેઓ પ્રવાસની શરૂઆત અંબાજી માતાના દર્શનથી કરશે.જગદીશ વિશ્વકર્મા નવા ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ બન્યા છે. ગાંધીનગરમાં કમલમ્ ખાતે જગદીશ વિશ્વર્માંનો ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ગુજરાતના ભાજપ ધારાસભ્યો અને અગ્રણી નેતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.,જગદીશ વિશ્વકર્માને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ ચૂંટણીના બિનહરિફ ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરૂ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે. પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવસ્ય પધારશો.

તેમજ ગ્રામોધોગ માં અનેક વસ્તુઓ હાજર માં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:૦૦ થી ૧:૦૦, બપોર પછી ૩:૦૦ થી ૭:૦૦**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરુ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

**શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય**

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા. મો. ૯૪૨૯૦ ૭૬૫૪૦

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી જિલ્લામાં તારીખ 7 થી 15 ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે...

વડાપ્રધાન શ્રી  નરેન્દ્રભાઈ મોદી એ તા. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તા. ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને તા. ૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સફળતાપૂર્વક ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જે અંતર્ગત ગુજરાતની સંકલ્પ સિદ્ધિની આ બહુવિધ વિકાસ યાત્રા અને જનહિતકારી સુશાસનની ગાથા જન જન સુધી ઉજાગર કરવા તા. ૭થી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણી કરાશે, એમ પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ વિકાસ સપ્તાહ દરમિયાન રાજ્યના કુલ ૧૦ વિભાગોની પ્રત્યક્ષ સહભાગીદારીતા સાથે ૧૩ જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રત્યેક દિવસની વિવિધ થીમ સાથે ઉજવણી કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન યુવા, મહિલા, ખેડૂતો સહિત રાજ્યના તમામ વર્ગોની સહભાગીદારીતા સુનિશ્ચિત કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં ગુજરાતના લોકોને જાણકારી આપવાની સાથે વિકાસાત્મક કાર્યોથી લાભાન્વિત કરવામાં આવશે.તેમણે ઉમેર્યું કે, આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન જે વિવિધલક્ષી કાર્યક્રમો રાજયભરમાં યોજાવાના છે, તેમાં વિધાનસભાના પ્રાંગણમાં મુખ્યમંત્રી, મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીશ્રીઓની હાજરીમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. આ જ સમયે રાજ્યના 34 જિલ્લાઓમાં પણ કલેક્ટર કચેરી અને અન્ય સરકારી કચેરીઓમાં, શાળા-કોલેજોમાં 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' લેવામાં આવશે. વધુમાં આ પ્રતિજ્ઞાને વ્યાપક સ્વરૂપે લઈ જવા માટે My.Gov.પોર્ટલ પરથી મોટી સંખ્યામાં ઓનલાઈન પ્રતિજ્ઞા લઈ શકે તે સુનિશ્ચિત કરવામાં આવશે. આ કાર્યક્રમ દ્વારા ગુજરાતના  મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિકાસ સપ્તાહની વિધિવત શરૂઆત કરવામાં આવશે.તારીખ 7 થી 15 ઓક્ટોબર 2025 સુધી અમરેલી જિલ્લામાં વિકાસ સત્તાની ઉજવણી કરવામાં આવશે ભારત દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ગુજરાતની વિકાસયાત્રાને અવિરત આગળ ધપાવતા નાગરિકનો પ્રથમનો અભિગમ અપનાવ્યો છે જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તની ઉજવણી કરવામાં




આવશે અમરેલી જિલ્લામાં 7 ઓક્ટોબર યુવા સશક્તિકરણ દિવસે નિબંધ અને કવિતા સ્પર્ધા વ્યાખ્યાન માળા સહિતના કાર્યક્રમ શાળા કોલેજોમાં યોજાશે.તારીખ 8 ઓક્ટોબર 2025 બુધવારના રોજ રોજગાર મેળા યોજાશે. તારીખ 9મી ઓક્ટોબર પોષણ દિવસ અંતર્ગત પોષણક્ષમ વાનગીઓનું પ્રદર્શન અને તારીખ 9 અને 10 ઓક્ટોબર દરમિયાન ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તે યોગ વિકાસની પ્રેરણાદાયી વાતોના કાર્યક્રમ જ્યારે તારીખ 11 મી ઓક્ટોબર ગ્રામ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોનું સન્માન સહિતના કાર્યક્રમ યોજાશે.જ્યારે તારીખ 12 થી 13 ઓક્ટોબર 2025 ના રોજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ભીંત ચિત્ર કંડાળવા વગેરે તારીખ 14મી ઓક્ટોબરે કૃષિ વિકાસ દિવસે રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત પાક પરી સંવાદો પશુ આરોગ્ય મેળા નવીન ખેત ટેકનોલોજી આધારિત પ્રદર્શન વગેરે કાર્યકર્મ યોજાશે. તારીખ 15 મી ઓક્ટોબર વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે ત્યારે અમરેલી જિલ્લામાં 7 ઓક્ટોબર 2025 મંગળવારથી 15 ઓક્ટોબર 2025 બુધવાર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 07/10/2025

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલામાં બ્રહ્મસેના દ્વારા ભવ્ય શરદ પૂર્ણિમા મહોત્સવનું આયોજન

## બ્રહ્મપુરી ખાતે પ્રાચીન-અર્વાચીન ગરબાનું સંગમ, ભૂદેવ પરિવારો ઉત્સાહભેર જોડાયા.



બ્રહ્મસેનાની નવી કારોબારીની વરણી: વિશ્વાસ દવે બન્યા પ્રમુખ, દાતાશ્રીઓનું સન્માન કરાયું. પારદર્શક વહીવટનું ઉત્તમ ઉદાહરણ: કાર્યક્રમના અંતે સંપૂર્ણ હિસાબ સમાજ સમક્ષ રજૂ કરાયો.સાવરકુંડલા ખાતે બ્રહ્મસેના દ્વારા  શરદ પૂર્ણિમાના દિવસે ભવ્ય મહોત્સવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત ભૂદેવ પરિવારો માટે યોજાયેલા આ સુંદર કાર્યક્રમમાં પ્રાચીન અને અર્વાચીન ગરબાનું સંગમ જોવા મળ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.બ્રહ્મસેનાની નવી કારોબારીની રચના અને સન્માન સમારોહઆ પવિત્ર દિવસે સમાજની વચ્ચે બ્રહ્મસેના સાવરકુંડલાની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. નવનિયુક્ત પદાધિકારીઓમાં વિશ્વાસ પ્રમુખ તરીકે, જીગદાદા ઉપર પ્રમુખ તરીકે, વિશાલ જોશી મંત્રી તરીકે, નીરવ બોરીસાગર સહ મંત્રી તરીકે, ભાવેશ જોષી ખાજંચી તરીકે, કૃતાર્થ જોશી સંગઠન મંત્રી તરીકે, અને વિશાલ અધ્વર્યુ સંયોજક તરીકે વરણી પામ્યા છે. વળી, કિરીટભાઈને માર્ગદર્શક તરીકે જવાબદારી સોંપાઈ છે.

સમાજ તરફથી આ તમામ સભ્યોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.આ ઉપરાંત, આ મંચ પરથી શ્રી શક્તિ નવરાત્રી મહોત્સવ ૨૦૨૫ના તમામ દાતાશ્રીઓનું પણ યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું, જેમણે કાર્યક્રમોને સફળ બનાવવામાં અમૂલ્ય સહયોગ આપ્યો છે.કાર્યક્રમની શરૂઆતમાં એક શોકપૂર્ણ ઘટનાને યાદ કરી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બ્રહ્મસેનાના પૂર્વ પ્રમુખ હરીતભાઈ જોશીના ધર્મપત્ની અને પૂર્વ પ્રમુખ તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ ટ્રસ્ટી મનનભાઈ જાનીના બહેન રાધિકાબેનના દુઃખદ અવસાન



નિમિત્તે શરદ પૂર્ણિમાના દિવસે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.સાવરકુંડલા સમસ્ત બ્રહ્મ સમાજ પ્રેરિત બ્રહ્મસેના દ્વારા આયોજિત નવરાત્રી અને અન્ય કાર્યક્રમોની સમાજમાં સરાહના થઈ રહી છે.

ખાસ કરીને, બ્રહ્મસેનાએ પારદર્શક વહીવટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં, દર વર્ષની જેમ આ વખતે પણ કાર્યક્રમના અંતે સંપૂર્ણ હિસાબ સમાજ સમક્ષ રજૂ કર્યો હતો.બ્રહ્મ સમાજના અનુદાનથી જ સંપૂર્ણ કાર્યક્રમો યોજાતા હોવાથી, આ વહીવટી પારદર્શિતાથી સમાજનું સન્માન જળવાઈ રહ્યું છે. બ્રહ્મ સમાજ પ્રેરિત બ્રહ્મસેના આવા માનવાચક અને વ્યવસ્થિત કાર્યક્રમો સમાજ માટે કરતી રહે તેવી હાર્દિક લાગણી સાથે સમગ્ર આયોજન બદલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ઝવેરી મોટર્સ

## વિશ્વાસ ઓટો કન્સલ્ટ

**તમામ પ્રકારની ફોર વ્હીલ લેવા તથા વેચવા માટે મળો..**

સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોક્સ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...




એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ.. આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો.




હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
97235 95955

**હવેથી નવા સરનામે**

કલ્યાણ કોમ્પ્લેક્સ, સુરભીની બાજુમાં, મહુવા રોડ, સાવરકુંડલા

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આજરોજ વોર્ડ નં.૧ માં સંયુકત આંગણવાડી દ્વારા ગઢનીરાંગ કેન્દ્ર ખાતે પોષણ સંગમ જાગૃતિ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરાઈ..

મિતલ ગૌરાંગ વ્યાસ

જેમાં વોર્ડ નં.૧ ના કાઉન્સીલરશ્રી કિશોર ભાઈ બુહા, મનસુખભાઈ લાડવા તથા શારદાબેન, સેજા-૧ ના સુપરવાઈઝરશ્રી જયોત્સનાબેન મહેતા તથા FHW વૈશાલીબેન ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ.

તેમજ તમામ મહાનુવોનું શાબ્દિક સ્વાગત સાથે કાર્યક્રમનું સંચાલન આગવી શૈલીથી મિતલબેન દવે દ્વારા કરવામાં કરેલ.

પોષણ સંગમ વિશે ગીતાબેન બોરીસાગરે માહિતગાર કરેલ. તથા sam/mam માંથી અપગ્રેડ થયેલ બાળકો તથા તેમના વાલીશ્રીનું ચિત્રોથી કલર અને રૂમાલ દ્વારા સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ વાનગી નિદર્શન કાઉન્સીલર દ્વારા કરાયેલ તેમજ પોષણ શપથવિધિ અને આભારવિધિ મિતલબેન દ્વારા કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કાર્યક્રમમાં હાજર રહેલ વોર્ડ નં.૧ તમામ આંગણવાડીના કાર્યકરો બહેનો અને વાલીઓ, તેમજ કોડ નં. ૮, ૨૬, 30, ૩૮, ૪૪, ૪૯, ૫૧, ૫૩ ના તમામ આંગણવાડી વર્કર બહેનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





## નિયંત્રણ

TWELVE MONTHS WARRANTY 12 MONTHS WARRANTY

# ઉધઈ

આપના ઓફિસ મકાન ટેનામેન્ટમાં ઉધઈ ની ટ્રીટમેન્ટ એકવાર જરૂર કરાવો.

**ઉધઈ ન થવાની પુરા ૧૨ વર્ષની લેખીત ગેરંટી**

## જુના અને જાણીતા 35 વર્ષના અનુભવિ

## વિજયભાઈ

**95370 42308 / 82009 09292**

તારીખ : 07/10/2025
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જાણીતા ગુજરાતી કવિ કિરણસિંહ ચૌહાણ નો આજે જન્મદિવસ...



કિરણસિંહ ચૌહાણનો જન્મ ગુજરાતના સુરતમાં હિરાભાઈ અને રેવાબહેનને ત્યાં થયો હતો. વરિયાવ પ્રાથમિક શાળામાંથી પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા બાદ, તેમણે રાંદેરની લોકમાન્ય વિદ્યાલયથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું. તેમણે જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીથી ૧૯૯૭ માં બી.એ. અને એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતથી ગુજરાતી સાહિત્ય વિષય સાથે એમ.એ.ની પદવી મેળવી હતી. ૨૦૦૨માં તેમણે શારીરિક પ્રશિક્ષણ મહાવિદ્યાલય, તુમ્સાર, મહારાષ્ટ્રથી બી.પી.એડ. તથા ૨૦૦૫માં બી.એડ.ની ડિગ્રી હાંસલ કરી.તેમની કારકિર્દીચૌહાણે ૧૯૮૮માં કવિતા લખવાનું શરૂ કર્યું હતું અને ૧૯૯૦માં તેમના મેટ્રિક અભ્યાસ દરમિયાન તેમની કવિતા "હું મોટો થઈ ગયો" સુરતથી પ્રકાશિત નવનિર્માણ સામયિકમાં પ્રગટ થઈ હતી. તેમની કવિતા શબ્દસૃષ્ટિ, ગઝલવિશ્વ, ધબક, કવિતા, કુમાર, કવિલોક અને નવનીત સમર્પણ સહિત અન્ય ગુજરાતી સાહિત્યિક સામયિકોમાં પ્રકાશિત થઈ હતી. તેમણે પત્રકાર તરીકે પાંચ વર્ષ અને શિક્ષક તરીકે સાત વર્ષ કાર્ય કર્યું. ૧૯૯૭માં તેઓ પત્રકાર તરીકે નવગુજરાત ટાઈમ્સમાં જોડાયા હતા. ૧૯૯૯માં, તે પ્રતિનિધિ પત્ર સાથે અને ત્યારબાદ ૨001 માં ચેનલ સુરત સાથે જોડાયા. ૨૦૦૨ થી ૨૦૦૬ સુધી, તેમણે જીવનભારતી વિદ્યાલય, સુરતમાં ગુજરાતી અને સંસ્કૃત ભાષા શીખવી. ૨૦૦૬ માં, તેઓ પી.આર. ખાટીવાલા વિદ્યાસંકુલ, સુરતમાં જોડાયા અને એક વર્ષ સુધી વાલ્મિકી અધ્યાપન મંદિર પીટીસી કોલેજમાં, પ્રવક્તા તરીકે ફરજ બજાવી. તેઓ હાલમાં પટકથા લેખક અને ઉદ્ઘોષક તરીકે કાર્યરત છે. તેઓ ૨૦૧૦થી પોતાનું પુસ્તક પ્રકાશન ગૃહ'સાનિધ્ય પ્રકાશન'પણ ચલાવી રહ્યા છે.તેમનું સાહિત્યસર્જનતેમનો પ્રથમ ગઝલસંગ્રહ સ્મરણોત્સવ ૨૦૦૪માં અને મિજાજ ૨૦૦૮માં પ્રકાશિત થયો હતો. ફાંફા ના માર (૨૦૦૫) એ તેમનો હઝલસંગ્રહ છે. તેમણે ગુજરાતી ચલચિત્ર ચાર (૨૦૧૧) માટે ગીતો અને આપડે તો ધીરુભાઈ માટે સંવાદો લખ્યા છે. તે દૂરદર્શન અને આકાશવાણી સહિતના અનેક ટેલિવિઝન શોમાં ભાગ લઈ ચૂક્યા છે.સંકલનમત્લાનગર (પસંદ કરેલા ગુજરાતી ગઝલના મત્લા (પ્રથમ બે પંક્તિઓ)નો સંગ્રહ)ઊર્મિસભર અચ્છાંદસ કાવ્યો.મર્મભરી મટુકીમહેશ દાવડકરની મનમોહક ગઝલોતેમને મળેલ સન્માનઈન્ડિયન નેશનલ થિયેટર, મુંબઈ દ્વારા તેમને શયદા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુરતનાં રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ૨૦૦૭ માં તેમને 'શ્રેષ્ઠ યુવા સાહિત્યકાર પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો.તેમનું અંગત જીવનચૌહાણે ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ સ્મિતા સાથે લગ્ન કર્યાં અને તેમને બે પુત્રો, પલ્લવ અને નમ્ર છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

# એ.આર. જવેલર્સ

AR JEWELLERS

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 124 1916

કે.ડી NEWS
તારીખ : 07/10/2025

# ખાંભા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે શરદપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો...

6 ઓક્ટોબર 2025 સોમવારના રોજ અમરેલી જિલ્લાના ખાંભા ખાતે સહજાનંદ ગુરુકુળ માં શરદપૂર્ણિમા મહોત્સવ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભગવાનની આરતી અને વડીલો યુવાનો માતાઓ બહેનો બધા રાસ રમ્યા હતા. બરવાળા બાવીસીથી પધારેલ શ્રી વિજયભાઈ અને તેમની ટીમ દ્વારા ભગવાન ના ગીત ધૂન કીર્તન ગાઈ સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક કર્યું હતું. ત્યારબાદ શ્રી સ્વામિન ારાયણ ગુરુકુળ ખાંભાના સંત શ્રી ડો દેવવલ્લભ સ્વામી દ્વારા શરદપૂર્ણિમાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું આ તકે મહાપુરુષ સ્વામી, મોહન સ્વામી, કૃષ્ણ સ્વરૂપ સ્વામી,ચંદુ દાદા વગેરે સંતો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ શ્રી રાધારમણસ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યો હતો અને આ કાર્યક્રમનું સંચાલન અને ભગવાનની ભક્તિ વિશે વાત ભંડારી શ્રી વિષ્ણુ સ્વામીએ કરી હતી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. અને દૂધ પૌવા નો પ્રસાદ દરેક ભક્તો એ લીધો હતો.














નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ધમાકા ઓફર

## 20 થી 30 સાઈઝના પેન્ટ તથા ટી-શર્ટ (ફકત રૂા. 450 થી શરૂ...)

રણજીત સ્માર્ટ ગંજી 2 સાથે 1 ફ્રી

રણજીત આદમ નીકર 2 નીકર 1 ફ્રી

રણજીત સુમો ચડ્ડી 2 ચડ્ડી 1 ફ્રી

ઓફર ટુંક સમય માટે જ..

# ગુરૂકૃપા રેડીમેઈડ

સંઘેડીયા બજાર, સાવરકુંડલા

મો. 95585 06633

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે શરદ પૂર્ણિમા નિમિત્તે મનોરોગી બહેનોના રાસ ગરબા નિહાળવા અધિકારી પદાધિકારીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા











સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી ના અધ્યક્ષ સ્થાને મનોરોગી બહેનોના શરદ પૂર્ણિમા ગરબા મહોત્સવ યોજાયો જેમાં મનોરોગી બહેનો તેમજ સાવરકુંડલા અને હાથસણી ગામની મંડળીઓ પરંપરાગત પહેરવેશમાં ઉપસ્થિત રહી તબલા મંજીરા અને ગાયક કલાકારો ના સથવારે મંડળીઓએ અદભુત રાસ લીધો હતો અને સાવરકુંડલા નું ગૌરવ એવી સ્વર કિન્નરી આશા કારેલીયા તેમજ 11 કેટલા ગાયક કલાકાર ભાઈ બહેનોએ ઓરકેસ્ટ્રા ના સથવારે મનોરોગી બહેનો અને ખેલૈયાઓને રાસ ગરબા લેવડાવ્યા હતા આ મનોરોગી બહેનોના ઐતિહાસિક ગરબા મહોત્સવમાં સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીના ધર્મપત્ની ગીતાબેન સંઘાણી બોટાદ જિલ્લા મહિલા ભાજપ ઉપ પ્રમુખ અલ્પાબા ચુડાસમા અમરેલી અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા અમરેલી થી પધારેલા જયંતીભાઈ પાનસુરીયા ધીરુભાઈ વાળા પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા રુઝુલભાઈ ગોંડલીયા સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી પ્રવીણભાઈ સાવજ ઘનશ્યામભાઈ ડોબરીયા શરદભાઈ પંડ્યા જીવનભાઈ વેકરીયા અનિરુદ્ધસિંહ રાઠોડ ઉપરાંત સાવરકુંડલા અમરેલી હાથસણી કાનાતળાવ સહિતના અનેક મહાનુભાવો ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈફકો ચેરમેન દિલિપભાઈ સંઘાણી ગીતાબેન સંઘાણી અશ્વિનભાઈ સાવલિયા અમરેલી કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓએ મનોરોગી બહેનો સાથે મેદાનમાં જઈ ગરબા પણ લીધા હતા અને મનોરોગી બહેનોને પ્રોત્સાહિત કરી હતી. મનોરોગી બહેનોને પ્રોત્સાહિત કરવા અને તેમના આ ઐતિહાસિક રાસ ગરબા નિહાળી પ્રભાવિત થયેલા ગીતાબેન દિલીપભાઈ સંઘાણીએ 1,25,000 ભેટ આપ્યા હતા. ઉપરાંત સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા એ પણ રૂપિયા 50,000 આપી માનવ મંદિરની મનોરોગી બહેનોને પ્રોત્સાહિત કરી હતી દિલીપભાઈ સંઘાણી અને અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ તેમજ જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ પોતાની પ્રતિભાવ અને પ્રતિક્રિયા પણ આપી હતી આ કાર્યક્રમનું એન્કરિંગ અમરેલીના અમિત પટેલ અને સાવરકુંડલાના ધારા ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. માનવ મંદિર ના આજીવન સેવક મનસુખભાઈ વસોયા લોક સાહિત્યકાર મોટી ખીલોરી વાળાએ પોતાની આગવી શૈલીમાં હળવી રમુજ સાથે માનવ મંદિર ની માહિતી આપી હતી તેમજ અમરેલી કલેક્ટરશ્રીનું હનુમાનજીની પ્રતિમા આપી સ્વાગત સન્માન કર્યું હતું

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શરદપુનમના પવિત્ર તહેવાર નિમિત્તે

આપ સૌ ગ્રાહક મિત્રો, સગા,
સ્નેહીઓ અને વડીલોના આશિર્વાદથી તથા
અમારા કુળદેવીની અસીમ કૃપાથી

## સાતમા વર્ષમાં

# મંગલ પ્રવેશ



સોનાનાં (916) હોલમાર્ક તથા ચાંદીના
દાગીના હાજર તથા ઓર્ડરથી બનાવી
આપનાર...સરકાર માન્ય શો રૂમ



સમય સાથે નાવિન્ય, કલાત્મકતા અને
ગુણવત્તાનાં સંપુર્ણ વિશ્વાસ સાથેનો
શો રૂમ એટલે...

# કનૈયા જવેલર્સ

શાહીવાળી ગલી કોર્નર, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 87806 87111

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભાવનગર ટર્મિનસથી ચાલતી ભાવનગર શહીદ કેપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ એક્સપ્રેસ આગામી આદેશ સુધી રદ



મુસાફરોની માહિતી માટે સૂચિત કરવામાં આવે છે કે કામગીરી સંબંધિત કારણોસર પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાંથી ચાલતી ભાવનગર ટર્મિનસ – શહીદ કેપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ એક્સપ્રેસ અસ્થાયી રીતે રદ (Cancelled) રહેશે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે સંબંધિત ટ્રેનોના રદ કરવાની વિગત નીચે મુજબ છે:1. ટ્રેન નંબર 19107 – ભાવનગર ટર્મિનસ – શહીદ કેપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ એક્સપ્રેસ, જે પહેલેથી જ તારીખ 12.10.2025 સુધી રદ કરવામાં આવી હતી, તેને હવે આગામી આદેશ સુધી સંપૂર્ણપણે રદ (Fully Cancelled) કરવામાં આવી છે.2. ટ્રેન નંબર 19108 – શહીદ કેપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ – ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ, જે પહેલેથી જ તારીખ 13.10.2025 સુધી રદ કરવામાં આવી હતી, તેને હવે આગામી આદેશ સુધી સંપૂર્ણપણે રદ (Fully Cancelled) કરવામાં આવી છે. મુસાફરોને વિનંતી છે કે પ્રવાસની યોજના બનાવતી વખતે ઉપરોક્ત માહિતીનો વિચાર કરે. ટ્રેનના સ્ટોપ, સંરચના અને સમયપત્રક સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry. indianrail. gov.in પર મુલાકાત લે.

અતુલ કુમાર ત્રિપાઠી
વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક
પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# પાંચમાં વર્ષમાં પ્રવેશ...

# ભારત ઇલેક્ટ્રીક

પંખા, ટયુબ, લાઇટ, લેમ્પ, વાયર, બ્લેન્ડર, મિકચર, ઇસ્ત્રી વિગેરે ઇલેક્ટ્રીકનો તમામ સામાન રીટેઇલ તથા હોલસેલ મળશે..

લાઇટ ફીટીંગ તેમજ રીપેરીંગ કરી આપીશું.

સંપર્ક : મો. ૭૩૮૩૧ ૯૦૫૫૯

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૭ ઓક્ટોબર, ૨૦૦૧નો એ દિવસ ગુજરાત અને દેશ માટે ભારત ભાગ્ય વિધાતાનો ઉદયનો દિવસ બની ગયો





વિકસિત ભારતનો અમૃતકાળઃ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના ૨૪ વર્ષી ગુજરાતના મુખ્યમંત્રીથી ભારતના વડાપ્રધાન સુધીની શ્રી નરેન્દ્રભાઈ મોદીની એ સુશાસન યાત્રા આજે જ્યારે ૨૪ વર્ષ પૂરા કરી રહી છે તે સમયે ચોકકસપણે દેશ સતત આ નેતૃત્વનો કૃતની રહેશે જેને પહેલા ગુજરાતને અને હવે દેશને એક આંતરરાષ્ટ્રીય ઓળખ અને સન્માન સમાન વિકાસની દોટમાં મુકયું અને આ યાત્રા હજુ અવિરત ચાલુ છે તેસમયે શાસનની સિધ્ધિઓ અને સર્વાંગી વિકાસના મંત્રને આપણે યાદ કરીએ..૭ ઓક્ટોબર, ૨૦૦૧ એ ભારતના રાજકારણના ઈતિહાસમાં મહત્વપૂર્ણ દિવસ હતો, જ્યારે શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. સંઘના ' સ્વયંસેવકથી લઈને ભાજપના સંગઠનના કાર્યકર સુધીની સફર બાદ, ૫૧ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ વખત રાજ્યનું સુકાન સંભાળ્યું. વિનાશક ભૂકંપ, મંદી અને અશાંતિમાં ઘેરાયેલું ગુજરાત તેમને વારસામાં મળ્યું, પરંતુ થોડાં જ મહિનાઓમાં તેમની વહીવટી કુશળતા, દઢ નેતૃત્વ અને દૂરંદેશીપૂર્ણ વિચારસરણીના પરિણામે ગુજરાતમાં પરિવર્તનની શરૂઆત થઈ.શ્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સુશાસન, પારદર્શિતા અને જવાબદારીના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને શાસનનું નવું મોડલ વિકસાવ્યું. પંચામૃત દર્શન-જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ અને રક્ષાશક્તિ - પર આધારિત વિકાસમોડલ દ્વારા તેમણે ગુજરાતને રાષ્ટ્રીય અને વૈશ્વિક આ સ્તરે વાઈબ્રન્ટ સ્ટેટ તરીકે સ્થાપિત કર્યું.'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ', 'સ્વાગત' ઑનલાઈન ફરિયાદ નિવારણ પ્લેટફોર્મ, ‘શાળા પ્રવેશોત્સવ', ‘કન્યા કેળવણી રથયાત્રા', 'કૃષિ મહોત્સવ', 'ખેલ મહાકુંભ' જેવી પહેલોએ લોકોમાં વિકાસ માટેની ભાગીદારીની ભાવના ઊભી કરી.વર્ષ ૨૦૧૪માં ભારતના વડાપ્રધાન બન્યા બાદ શ્રી મોદીએ ગુજરાત મોડલને રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કર્યું. સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસના સૂત્ર સાથે તેમણે સમાવેશી વિકાસ અને આત્મનિર્ભર ભારતનું વિઝન રજૂ કર્યું. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સ્વચ્છ ભારત અભિયાન, નલ સે જલ અને ખેલો ઈન્ડિયા જેવી યોજનાઓ તેમની લોકકેન્દ્રિત દૃષ્ટિની સાક્ષી છે.ભારતે વર્ષ ૨૦૨૩માં જી-૨૦ દેશોની અધ્યક્ષતા કરી, જે તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનું પ્રતિબિંબ છે. વડાપ્રધાન તરીકેના છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાન મેળવ્યું છે. સંરક્ષણ, ઉડ્ડયન, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે અને બંદરોનો વિકાસ, વગેરે ક્ષેત્રોમાં અવિરત પ્રગતિ થઈ છે. વૈશ્વિક સ્તરે 'વેક્સીન મૈત્રી' અને 'ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ' જેવી પહેલોથી ભારતની કૂટનીતિને નવી ઓળખ મળી છે. ઉરી સર્જિકલ સ્ટ્રાઈક, પુલવામા એર સ્ટ્રાઈક અને પહેલગામ હુમલાના વળતા જવાબ તરીકે ઓપરેશન સિંદૂર ચલાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સૈન્યની તાકાતનો પરચો સમગ્ર વિશ્વને આપ્યો છે.

તારીખ : 07/10/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શિવમ

ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.



## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- ✻ અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- ✻ અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- ✻ દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ✻ ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ✻ ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- ✻ સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- ✻ દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- ✻ સાંધાનો દુ:ખાવો, સ્નાયુનો દુ:ખાવો, વા, સંધિવા
- ✻ બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- ✻ સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- ✻ એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- ✻ MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ✻ ૨૪ કલાક સોનોગ્રાફી થા ઇમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- ✻ TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- ✻ સ્રીરોગ નિદાન અને સારવાર.
- ✻ અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- ✻ જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- ✻ કુટુંબ નિયોજન કેન્દ્ર.
- ✻ વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ✻ ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- ✻ કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- ✻ એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 07/10/2025

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જનવિશ્વાસ, સેવા અને સમર્પણના ૨૪ વર્ષ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલા રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનથી કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિના મંડાણ...











આલેખન : રોહિત ઉસદડ....અમરેલી તા.૭ ઓક્ટોબર, (મંગળવાર) દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, ત્યારથી આજે તા.૭મી ઓક્ટોબર ૨૦૨૫ના રોજ તેમના દ્રષ્ટિવંત અને સફળ નેતૃત્વના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે, જેની ગુજરાત સરકાર વિકાસ સપ્તાહ અંતર્ગત જનહિતના કાર્યક્રમો થકી ઉજવણી કરી રહી છે.વડાપ્રધાનશ્રીએ આંતરમાળખાકીય વિકાસની સાથે કૃષિ ક્ષેત્રની કાયાપલટ માટે નવી યોજનાઓ શરૂ કરી છે, ખાસ સમયની માંગને ધ્યાને રાખીને વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન વર્ષ ૨૦૨૪માં શરૂ કર્યું છે, તેના પરિણામો અમરેલી જિલ્લામાં પણ જોવા મળી રહ્યા છે.અમરેલી જિલ્લામાં આશરે ૧૭ હજારથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે, આ ખેડૂતો ૧૮,૯૭૮ એકરમાં પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૨૨૭ જેટલા મોડલ ફાર્મ પણ બની ચૂક્યા છે, આ ફાર્મના માધ્યમથી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની પ્રત્યક્ષ જાણકારી મળી રહે છે, જેથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત પણ થઈ રહ્યા છે. આ માટે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મનો પ્રેરણા પ્રવાસ પણ કરાવવામાં આવે છે. રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન હેઠળ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે ખાસ જિલ્લામાં ત્રણ ત્રણ ગામોનો સમાવેશ કરતા કુલ ૪૬ જેટલા ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે. સાથે જ આ ક્લસ્ટરમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપી શકે તે માટે કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સનને તૈયાર કરવામાં આવ્યા છે. તેઓ પોતાના ક્લસ્ટરમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપી જરૂરી માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન દ્વારા ખાસ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોની ઉત્પાદિત વસ્તુઓના બ્રાન્ડિંગ અને તેના વેચાણ માટે પ્લેટફોર્મ મળી રહે તેના પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાં ખાસ આત્મા પ્રોજેક્ટ સાથે જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ખેડૂતો સાથે જરૂરી સંકલન સાધીને તેમને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળે તે માટે પણ વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.પ્રાકૃતિક કૃષિથી સ્વસ્થ ભોજન મળવાની સાથે જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા પણ વધે છે, ઉપરાંત પ્રાકૃતિક કૃષિથી ખેડૂતોનો ખેતી ખર્ચ પણ ઘટે છે. આમ, પારંપરિક કૃષિ જન આરોગ્ય, પ્રકૃતિ અને ખેડૂતો માટે ફાયદારૂપ છે.

કે.ડી. NEWS

તમારી કહાની, અમારી ઝુબાની...

કેમ છો & અમરેલી સાથે

હવે આપ પણ આપના ધંધાના વિકાસ માટે બનાવો

# પ્રોફેશનલ એડ રીલ્સ

અને એ પણ.... ડીઝીટલ માર્કેટીંગ + બુસ્ટીંગ + સ્ટાન્ડર્ડ પેઈજ કોલોબ્રેશન જેવા સંપુર્ણ પેકેજ સાથે...

## : અમારી પેકેજીસની વિશેષતાઓ :

**રૂા. 4500**

* જેમાં એન્કર દ્વારા આપની બીઝનેસ સ્કીપ્ટ રજુ કરાશે.
* કે.ડી. ન્યુઝના પેઈજ પર તેમજ કેમ છો અમરેલીના પેઈજ ઉપર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ પ્રકાશ એપમાં નોટીફીશેન

**રૂા. 5500**

* જેમાં એન્કર દ્વારા આપની બીઝનેસ સ્કીપ્ટ રજુ કરાશે.
* 50k view ની અમારી ગેરેંટી
* ઈન્સ્ટાગ્રામ પર બુસ્ટીંગ પેઈજ
* કે.ડી. ન્યુઝ તથા કેમ છો અમરેલીના પેઈજ પર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ
* પ્રકાશ એપમાં નોટીફીશેન

**રૂા. 6500**

* ડ્રોન શુટીંગ
* 50k view ની અમારી ગેરેંટી
* ઈન્સ્ટાગ્રામ પર બુસ્ટીંગ પેઈજ
* કે.ડી. ન્યુઝ તથા કેમ છો અમરેલીના પેઈજ પર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ
* પ્રકાશ એપમાં નોટીફીશેન

## પ્રિન્ટ * ડિજીટલ * વિડીયો

સર્વશ્રેષ્ઠ માર્કેટીંગ સાથેનું પ્લેટફોર્મ પ્રોવાઈડ કરતુ સ્થળ એટલે...

પ્રકાશ પ્રિન્ટર્સ
RG-GJ-02-0006622

**97246 61561** | રાજદરબારગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# આજરોજ વીજપડી સેજા-૧ ખાતે પોષણ સંગમ જાગૃતિ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરાઇ..


મિતલ ગૌરાંગ વ્યાસ




પોષણ સંગમ વિશે સુપરવાઈઝર વર્ષાબેન દુધાતે માહિતગાર કરેલ. તથા sam/mam માંથી અપગ્રેડ થયેલ બાળકો તથા તેમના વાલીશ્રીનું ચિત્રોથી કલર અને રૂમાલ દ્વારા સન્માન કરવામાં આવેલ.

જેમાં સરપંચ ભરતભાઈ, તાલુકાના સભ્ય વિજયભાઈ ચાવડા, એફ.એચ. ડબલ્યુ ક્રિષ્નાબેન સુપરવાઈઝર વર્ષાબેન દુધાત તથા આશાવર્કર અને આંગણવાડી વર્કર બહેનો તેમજ બાળકો, બાળકોના વાલીઓ તેમજ કિશોરીઓએ હાજરી આપી હતી.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ



# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# HAPPY BIRTHDAY



## દિશાંત પી કારીયા
## ચલાલા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




પતિ: મને ડોક્ટરે મોળી ચા પીવાનું કહ્યું છે મોળી ચા બનાવ

પત્ની: હું અલગ અલગ નહિ બનાવું તમારે મોળી ચા પીવી હોય તો જલેબી ખાઈ લો મોળી લાગશે.

.......................................................................................

યુવાનો વગર ઘર ન ચાલે કહેવાવાળા વ્યાખ્યા બદલો હવે યુવાનો વગર instagram અને facebook પણ ન ચાલે..

.......................................................................................

ભાઈ આ વખતે પણ ધોકો આવે છે શું કરવું? એમાં કાંઈ ફેરફાર ન થાય તમને યોગ્ય ન લાગે તો તે દિવસે નવું વર્ષ ઉજવો બાકી ધોકો તો રહેશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 7 ઓકટોબર
# મહત્વની ઘટનાઓ

૧૯30 – ભગતસિંહ, સુખદેવ, રાજગુરુને ફાંસીની સજા ફરમાવવામાં આવી.૧૯૫૦ – મધર ટેરેસાએ ચેરિટી મિશનરીઝની સ્થાપના કરી.

૧૯૫૮ – ૧૯૫૮ના સત્તાપલટાથી પાકિસ્તાનમાં લશ્કરી શાસનની શરૂઆત થઈ.

૧૯૬૩ – રાષ્ટ્રપતિ કેનેડીએ આંશિક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિની બહાલી પર હસ્તાક્ષર કર્યા.

૧૯૭૭ – ચોથું સોવિયેત બંધારણ અપનાવવામાં આવ્યું.

૧૯૮૭ – શીખ રાષ્ટ્રવાદીઓએ ખાલિસ્તાનની ભારતથી આઝાદીની ઘોષણા કરી; તેને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા આપવામાં આવી નથી.

૨૦૦૧ – ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યો.

**જન્મ**

૧૮૮૫ – નીલ્સ બૉહર, ડેનીશ ભૌતિકશાસ્ત્રી (અ. ૧૯૬૨)

૧૮૯૧ – નરહરિ પરીખ, ભારતીય સ્વાતંત્ર્ય ચળવળ સેનાની અને લેખક (અ. ૧૯૫૭)

૧૯૦૦ – હિમલર હેનરિક, જર્મન નાઝી નેતા અને પોલિસ વડા (અ. ૧૯૪૫)

૧૯૦૭ – દુર્ગાવતી દેવી ભારતીય ક્રાંતિકારી (અ. ૧૯૯૯)

૧૯૧૪ – બેગમ અખ્તર, "મલ્લિકા-એ-ગઝલ" (ગઝલની રાણી) તરીકે ઓળખાતા ભારતીય ગાયિકા અને અભિનેત્રી (અ. ૧૯૭૪)

૧૯૭૪ – કિરણસિંહ ચૌહાણ, ગુજરાતી કવિ અને પટકથા લેખક

૧૯૭૮ – ઝહીર ખાન, ભારતીય ક્રિકેટર

**અવસાન**

૧૭૦૮ – ગુરુ ગોવિંદસિંહ, શીખ ધર્મના દસમા ગુરુ (જ. ૧૬૬૬)

૧૯૫૦ : વિલિસ કેરિયર અમેરિકન એન્જિનયર, આધુનિક એરકંડીશનરના શોધક (જ. ૧૮૭૬)

તારીખ : 07/10/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973